માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રચાયેલ રાજ્ય સ્તરની તકેદારી અને મોનીટરીગ સમિતિની બેઠક બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અતહ/૧૦–૨૦૦૬/૧૯૮૪/ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 20 NOV 2006

સંદર્ભ

૧. પોમનિ અને મુપોઅશ્રી, ગુ.રા., ગાંધીનગરનો તારીખઃ ૨૦/૭/૨૦૦૬નો પત્ર ક્રમાંક : જી.૨/૧૯૨૭/એસસી/એસટી સેલ/ભોપાલ/૨૦૧૨/૦૬.
૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખઃ ૧૨/૯/૦૬ના પત્ર ક્રમાંક : હસલ/૧૦૨૦૦૬/૧૧૬૩/હ.

ઠરાવ:

ગુજરાત રાજયમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિના લોકો ઉપર થતા અત્યાચાર સબંધી ગુનાઓ હેઠળ સાબિત કેસોની ટકાવારી ૨.૫૨ % જેટલી છે. જયારે મધ્ય પ્રદેશ રાજયમાં ગુના સાબીત કેસોનુ પ્રમાણ ૨૯ % જેટલું ઉચું છે. મધ્યપ્રદેશ સરકારે તારીખઃ ૬/૭/૨૦૦૬ના પત્રથી મોકલેલ વિગતો જોતાં, ૧૦ રેન્જ સ્તરે પોલીસ સ્ટેશન હેઠળ ૨૭ કર્મચારી / અધિકારીઓનું મહેકમ, જિલ્લા સ્તરે ૨૬ કર્મચારી / અધિકારીઓનું મહેકમ તથા મહિલા સેલ હેઠળ ૦૯ કર્મચારીઓનું મહેકમ કાર્યરત છે. ૨૯ જિલ્લાઓમાં વિશેષ ન્યાયાલયોની સ્થાપના થયેલ છે. જે જિલ્લાઓમાં વિશેષ ન્યાયાલયો (સ્પેશ્યલ કોર્ટસ્) નથી તે જિલ્લાઓમાં પ્રથમ શ્રેણીના મેજીસ્ટ્રેટ દ્વારા કેસોનું નિરાકરણ કરવામાં આવે છે. તારીખઃ ૩૧/૫/૨૦૦૬ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ મળેલ રાજય સ્તરની તકેદારી અને મોનીટરીગ સમિતિની બેઠકની કાર્યનોધના એજન્ડા નં. ૬ માં જણાવ્યા મુજબ એટ્રોસીટી એકટના ભંગ બદલના ૪૨૪૨ કેસો જુદી જુદી કોર્ટોમાં પડતર છે. જેના સંદર્ભે માન. મુખ્યમંત્રીશ્રીએ મધ્યપ્રદેશ રાજયમાં અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળના કેસોના ઝડપી નિકાલ માટે જે પ્રકારની કાર્ય પધ્ધતિ અપનાવવામાં આવેલ છે. તેવી કોઈ સીસ્ટમ કે મીકેનીઝમ ગુજરાત રાજયમાં વિચારવી જોઈએ જેથી કેસોના ઝડપી નિકાલ લાવી શકાય. એવું સૂચન કરેલ છે આ સુચન સબંધે અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અધ્યક્ષપણા હેઠળ મળેલ બેઠકમાં મધ્યપ્રદેશ સરકાર દ્વારા અપનાવવામાં આવેલ ( introduce ) પધ્ધતિ / મીકેનીઝમનો અભ્યાસ કરીને, અભ્યાસ અહેવાલ રજૂ કરવા માટેના અધિક પોલીસ મહાનિદેશકશ્રી (એસસી/એસટી, ગુ.રા., ગાંધીનગરના એક અધિકારીશ્રીને) તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ પ્રભાગ)ના એક અધિકારીશ્રીને મધ્ય પ્રદેશ સરકારના Social Justice / Tribal Development Department ની રૂબરૂ મુલાકાત લેવા ભોપાલ

VSP

જવા-આવવાની મંજૂરી આ વિભાગના સરખા ક્રમાંકના તારીખઃ ૧૧/૧૦/૨૦૦૬ના ઠરાવથી આપવામાં આવેલ હતી. આ ઉપરાંત, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના એક અધિકારી તથા નિયામકશ્રી, સમાજ કલ્યાણ કચેરીના એક અધિકારીનો પણ સમાવેશ કરવાનો રહે છે.

મધ્ય પ્રદેશ સરકારની રૂબરૂ મુલાકાત બાદ અધિકારીશ્રીઓએ તેઓના અહેવાલ સરકારશ્રીમાં તાત્કાલિક રજૂ કરવાનો રહેશે.

આ અંગે વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર મુખ્ય સચિવશ્રીની તારીખઃ ૨૭/૯/૨૦૦૬ની નોધની મળેલ અનુમતી અન્વયે આ હુકમ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. જે. બ્રહ્મક્ષત્રિય)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

રવાના કર્યો
તા. 20 NOV 2006

પ્રતિ,
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ મહાનિદેશકશ્રી, ગુ.રા., ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારી વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ.

VSP